ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# દહેજ અને ઘોઘા વચ્ચેની રો રો ફેરીને સત્વરે શરૂ કરવા માટે ચેમ્બરની નવી દિલ્હી ખાતે ભારપૂર્વક રજૂઆત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇ, મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી ચેતન કોન્ટ્રાકટર તેમજ ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી સુનીલભાઇ અને સેક્રેટરી શ્રી કિરીટભાઇ તથા અન્ય સભ્યોશ્રીઓએ આજરોજ નવી દિલ્હી ખાતે દહેજ અને ઘોઘા વચ્ચેની રો રો ફેરીને ફરીથી સત્વરે શરૂ કરવા માટે ભારત સરકારના માનનીય રાજય કક્ષાના શિપીગ મંત્રી અને સેક્રેટરીને ભારપૂર્વક રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, દહેજ ખાતે ડ્રેજીગના પ્રશ્નને કારણે દહેજ અને ઘોઘા વચ્ચે શરૂ કરાયેલી રો રો ફેરીને અચાનક જ બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે સુરત અને ભાવનગર વચ્ચે દરિયાઇ માર્ગે સિમેન્ટ, મીઠુ અને કાપડ વિગેરે માલનું વહન સદંતર બંધ થઇ ગયુ છે. આથી ઇન્ડસ્ટ્રીને ખૂબ જ મોટુ નુકસાન વેઠવુ પડી રહયુ છે.

બીજી બાજુ દિવાળી ટાણે હીરા ઉદ્યોગમાં લાંબુ વેકેશન રહેતુ હોવાને કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં રહેતા લાખો સૌરાષ્ટ્રવાસીઓ માદરે વતન જવા માટે રો રો ફેરીનો મોટાપાયે ઉપયોગ કરતા હોય છે. રો રો ફેરીમાં તેઓ કાર અને મોટરસાયકલ સહિતના વાહનો પણ વતને લઇ જતા હોય છે. પરંતુ અચાનક જ રો રો ફેરીને બંધ કરી દેવામાં આવતા દરિયાઇ માર્ગે તેઓની અવરજવર ઠપ્પ થઇ ગઇ છે. આને કારણે અગાઉથી બુક કરવામાં આવેલી તા. ૨૦ થી ૨૮ ઓકટોબર સુધીની ૨૫ હજાર જેટલી ટિકીટ એકજ દિવસમાં કેન્સલ કરવી પડી છે.

આથી આજરોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના માનનીય રાજય કક્ષાના શિપીંગ મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી મનસુખભાઇ માંડવીયા અને શિપીંગ સેક્રેટરી શ્રી ગોપાલ ક્રિષ્ણાની રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. તેઓની સાથે એક કલાક સુધી ચાલેલી બેઠકમાં દહેજ અને ઘોઘા વચ્ચે બંધ થયેલી રો રો ફેરીને કારણે બિઝનેસ અને લોકોને પડી રહેલી મુશ્કેલીનો આખો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો તેમજ તાત્કાલિક ધોરણે રો રો ફેરીને ફરીથી ચાલુ કરવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. મંત્રીશ્રી અને સેક્રેટરીએ ખૂબ જ શાંતિપૂર્વક ચેમ્બરની રજૂઆત સાંભળી હતી અને દિવાળી ટાણે પેચીદા બની ગયેલા પ્રશ્નને નિવારવા અંગે હકારાત્મક વલણ દાખવ્યુ હતુ.